# સે-૨૧ શોંપીગ સેન્ટર પાસે ટ્રાફિકની સમસ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત ડીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટરમાં પાર્કીંગની સમસ્યા વિકરાળ બની જવા પામી છે. શહેરના નાગરીકો આડેધડ વાહન પાર્ક કરતા અન્ય વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર પાસેથી પસાર થવું પણ માથાના દુખાવા સમાન બની જવા પામ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે મોટું બજાર આવેલું છે. અહીં શાકભાજી, કપડા, સ્ટેશનરી, મોલ, જવેલર્સ, ફર્નીચર, ઈલેકટ્રોનીક બજાર, ખાણીપીણી, મીઠાઈ, બેકરી આઈટમો, પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. તમામ જીવન જરૂરીયાત અને ઘરઉપયોગી વસ્તુઓ અહીથી સરળતાથી મળી રહે છે. શહેરના નગરજનો મોટાભાગે ખરીદી માટે સેકટર-૨૧ની પસંદગી કરે છે. જેને પગલે ડીસ્ટ્રીકટ શોંપીગમાં કાયમી ધોરણે નગરજનોની ભીડ રહેતી હોય છે. શહેરનું મુખ્ય બજાર હોવાથી હજ્જારો નગરજનો વિવિધ વસ્તુઓની ખરીદી માટે આવતા હોવાથી અહીં હંમેશા માટે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા પામે છે. જયારે તહેવારોના સમયે તો આ વિસ્તારમાં અડધો કિલોમીટર દુર મુકવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામે છે. શોંપીગ સેન્ટરની ચારેકોર આ ટ્રાફિક અને આડેધડ વાહન પાર્કીંગની વિકરાળ સમસ્યાએ અજગરી ભરડો લીધો હોય છે. વેપારીઓને પોતાના વાહનો પણ બહાર નીકાળવા માટે રાહ જોવી પડે છે. વાહન અને પાથરણા બજારને પગલે સેકટર-૨૧માં ભીડભાડ સર્જાય છે. સાંકડા માર્ગ પર આડેધડ ગાડીઓ અને ટુ-વ્હીલર પાર્ક કરતા આ વિસ્તારમાં ટ્રાફીકની સમસ્યા ઉદ્ભવે છે. પેટ્રોલ પંપ તરફથી સે-૨૧ શોંપીગ સેન્ટર પાસે અને શાકભાજી બજાર ખાતે તાજેતરમાં તંત્ર દ્વારા ટ્રાફીકની સમસ્યા હળવી કરાઈ છે. પોલીસના સતત પેટ્રોલીંગને પગલે વાહન ચાલકો સામે તંત્રએ લાલ આંખ કરતા ગમે ત્યાં વાહન પાર્ક કરતા વાહન માલિકો હાલના સમયે અચકાય છે. ત્યારે વાહન પાર્કીંગ અને ટ્રાફીકની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી વેપારીઓની લાગણી અને માંગણી છે.

## સે-૧૩માં રાત્રે મકાનની બારીમાં હાથ નાંખી પાકીટ અને મોબાઈલોની ચોરી

**ગરમીને પગલે મકાનમાલિકે રાત્રે બારી ખુલ્લી રાખી હતી : ચોરો બારીને અડીને મુકેલા કોમ્પ્યુટર ટેબલ ઉપરથી હાથ સાફ કરી ગયા**

ગાંધીનગર, તા. ૨૬

શહેરના સેકટર-૧૩ ખાતે મધરાત્રે મકાનની બારીમાં હાથ નાંખી બારીને અડીને મુકેલા કોમ્પ્યુટર ટેબલ ઉપર હાથફેરો કરી ચોરો પલાયન થઈ ગયા હતા. ટેબલ ઉપર મુકેલા બે પાકીટ અને બે મોબાઈલોની ચોરી કરી ભાગી જનાર અજાણ્યા શખ્સો સામે મકાન માલિકની ફરિયાદ આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૧૩ ખાતે પ્લોટ નં. ૩૧૪/૧ ખાતે રહેતા કોકીલાબેન રશીકભાઈ જાનીના ઘરે ચોરોએ હાથફેરો કર્યો હતો. તેમની દિકરી પ્રજ્ઞાબેન પિયરમાં આવ્યા હતા. ૨૦ તારીખે બધા સાંજે મહાત્મા મંદિર પાસે ગાર્ડનમાં ગયા હતા. રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં પરત ઘરે આવ્યા બાદ કોકીલાબેન નીચેના રૂમમાં સુતા હતા અને પરિવારના અન્ય સભ્યો બીજા રૂમમાં સુતા હતા. કોકીલાબેન ગરમીને પગલે નીચેના રૂમની બારી ખુલ્લી રાખીને સુતા હતા. બારીને અડીને એક કોમ્પ્યુટર ટેબલ પડયું હતું અને તેની ઉપર કોકીલાબેન અને તેમની દીકરી પ્રજ્ઞાબેનનો મોબાઈલ અને પાકીટો પડયા હતા. સવાર સુધીમાં કોઈ ચોરો બારીમાં હાથ નાંખીને બંને પાકીટ અને બંને મોબાઈલ ચોરી કરી ભાગી ગયા હતા. રૂ. ૧૫ હજારની મત્તાની ચોરી અંગે કોકીલાબેનની ફરિયાદ આધારે સે-૭ પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## મનપાના દબાણ સફાઈ બાદ વનવિભાગનું ફેન્સીંગ...!!

**દબાણકર્તાઓ ફરી અડ્ડો ના જમાવે તે માટે લેવાયા જડબેસલાક પગલાં...!!**



ગાંધીનગર શહેરના ઘ-૦ સર્કલથી ટીસીએસ સુધીના માર્ગ પર થતા દબાણોને થોડા સમય અગાઉ દબાણ તંત્ર દ્વારા દૂર કરાયા હતા. વારંવાર થતા દબાણોની સમસ્યાના કાયમી ઉકેલ રૂપે ફોરેસ્ટ વિભાગે આખરે આ માર્ગની બાજુમાં જ આખી ફેન્સીંગ કરી નાંખી છે.

શહેરના ઘ-૦થી રીલાયન્સ ચોકડી સુધીના માર્ગ પર બંને તરફ સંખ્યાબંધ દબાણકારોએ લારી ગલ્લાના દબાણો કરી દીધા હતા. આ ખાણીપીણીના દબાણોને લઈ દરરોજ માર્ગની બંને તરફ ટ્રાફિક જામની સમસ્યા માથાનો દુ:ખાવા સમાન બની ગઈ હતી. બીજી તરફ સાંજ ઢળતા જ નોન વેજની લારીઓ ધમધમી ઉઠતી હતી. મોડી રાત સુધી આ વિસ્તારમાં ખાણી પીણીના શોખીન સાથે દારૂ પીધેલા નશાખોરો આંતરે દિવસે આતંક મચાવતા હતા તો લારી ગલ્લાના દબાણકારો પણ દબાણો કરી દાદાગીરી કરતા હતા. અનેક ફરિયાદો આ વિસ્તારની મળતા દબાણ તંત્ર એ ભારે સપાટો બોલાવીને દબાણનો સફાયો કરી નાંખ્યો હતો. દબાણતંત્રએ સફાઈ કરી નાંખતા વન વિભાગે આખરે આજે આ માર્ગની બંને તરફ તારની ફેન્સીંગ કરી નાંખી હતી.

### ડસ્ટબીન પણ પાંજરે પુરાઈ...!!

આજે ચાર વર્ષ પુર્ણ કરી રહેલી એનડીએ સરકારના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ર સંકલ્પ સમા સ્વચ્છતા અભિયાન અંતર્ગત કરોડો



રૂપિયાની ગ્રાન્ટ ફાળવાય છે. પરંતુ એમાંથી વહીવટી તંત્ર દ્વારા ખરીદવામાં આવતી મોટા ભાગની ડસ્ટબીનોની ગુણવત્તા એવી હોય છે કે જે થોડા સમયમાં જ કચરાના ભારથી તુટી 'કચરો' બની જાય છે જયારે કયાંક આવી સારી ડસ્ટબીનો લગાડાયેલી છે તે બે વિભાગોના તાલમેલના અભાવે અણઘડ કાર્યશૈલીના કારણે જાણે પાંજરે પુરાયેલી રહી જાય છે. ટીસીએસ ગરિમા પાર્ક પાસે કરાયેલી ફેન્સીંગમાં મનપાએ મુકેલી આ ડસ્ટબીનનો હવે કેવી રીતે ઉપયોગ થઈ શકશે તેટલું પણ ફેન્સીંગ કરનારે વિચાર્યું નહીં હોય...??

## દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનું ધોરણ-૧૨ વિજ્ઞાન અને વાણિજય પ્રવાહનું ઝળહળતું પરિણામ

ગાંધીનગર, તા. ૨૬

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનું સી.બી.એસ.ઈ. બોર્ડનું વિજ્ઞાન અને વાણિજય પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા જાહેર થયું છે.



વિજ્ઞાન પ્રવાહમાં સૌમ્ય ગોયલ ૯૬.૨ ટકા સાથે ઉત્તીર્ણ થયા છે. સૌમ્ય ગોયલે ગણિત અને કમ્પ્યૂટર સાયન્સમાં ૧૦૦ ગુણાંક પ્રાપ્ત કરેલ છે.

તે જ પ્રણામે વાણિજય પ્રવાહમાં સૌમ્ય જૈન એ ૯૫.૬ ટકા પ્રાપ્ત કરીને શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ઉત્તમ પરિણામ માટે શાળા પરિવાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવે છે.

## આજથી કુડાસણ ખાતે નિ:શુલ્ક ફિઝીયોથેરાપી નિદાન કેમ્પનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે રાધે ફિઝીયોથેરાપી ફિટનેશ એન્ડ રીહેબિલિટેશન કલીનીક દ્વારા તા. ૨૭મી મે રવિવારથી તા. ૩૧મી મે ગુરુવાર સુધી નિ:શુલ્ક ફિઝીયોથેરાપી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમિયાન દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન ડૉ. ધ્રુવ પટેલ દ્વારા ફિઝીયોથેરાપી અંગે નિદાનની સેવાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવશે. આ કેમ્પ કુડાસણમાં સહજાનંદ સીટી સામે રાધે સિગ્નેચર કોમ્પ્લેક્ષમાં રાધે ફિઝીયોથેરાપી ફિટનેશ એન્ડ રીહેબિલિટેશન કલીનીક ખાતે યોજાશે.

આ નિ:શુલ્ક ફિઝીયોથેરાપી નિદાન કેમ્પમાં વિવિધ શારિરીક તકલીફો જેવી કે મોં, હાથ-પગનો લકવો, ફ્રેકચર થયા પછીની કસરતની જરૂરિયાત, ઓપરેશન પછીની કસરતની જરૂરિયાત, ફ્રોઝન શોલ્ડરની તકલીફ, નસ દબાવાથી થતો દુ:ખાવો, કમર, ઢીંચણ, ખભા, ગરદનનો દુ:ખાવો, સાંધના વા, ટેનિસ એલ્બો, ગોલ્ફર એલ્બો, સેરેબલ પાલ્સી, જન્મજાત પોલિયો, ખેંચ આવેલી હોય, ખોડખાંપણ, બોલવામાં તકલીફ જેવા બાળકોના રોગો, ગાદી ખસી જવી, મણકાનો ઘસારો, સાઈટીકા, સાંધા બદલાવ્યા પછીની કસરત, પગની પાનીમાં થતો દુ:ખાવો, હાડકું વધ્યા પછીની કસરત અથવા વજન ઘટાડવા અંગે ફિઝીયોથેરાપીની જરૂરિયાતનું નિદાન વિના મૂલ્યે કરી આપવામાં આવશે.

## દારૂની હેરાફેરી કરવા કાર આપનાર કાર દલાલ ઝડપાયો

**વાહનો વગર લખાણે તથા આરટીઓમાં નામે કરાવ્યા વગર વેચાણ આપતો હતો**

ગાંધીનગર, તા. ૨૬

ચિલોડા પોલીસે પકડેલી વિદેશી દારૂની હેરાફેરી કરતી ગાડીની તપાસમાં કાર માલીક સુધી પહોંચવામાં પોલીસને પરસેવો છુટ્ટી ગયો હતો. તપાસમાં બહાર આવ્યું કે નવદીપ ઓટો કન્સલ્ટન્ટનો માલીક દારૂની હેરફેર કરવા માટે ગાડીઓ વગર લખાણે તથા આરટીઓમાં નામે કરાવ્યા વગર વેચાણ આપતો હતો. ચિલોડા પોલીસે આ શખ્સને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ દશેક મહિના પહેલા ચંદ્રાલા ગામની સીમમાં નોબલ ફેકટરી પાસે એક એસેન્ટ ગાડીનો અકસ્માત થયો હતો અને તેમાંથી દારૂ-બિયરનો જથ્થો




મળી આવ્યો હતો. તપાસ દરમિયાન ગાડીના ત્રણ માલિકો આરટીઓમાં નામ ટ્રાન્સફર કરાવ્યા વગર બદલાઈ ગયા હોવાનું ખુલ્યું હતું. આ ગુનો કરનાર આરોપીની તપાસ કરતા નિકીલ રવિન્દ્ર મયેકર દારૂ ભરેલી કાર ચલાવતો હતો તેવી હકીકત બરાર આવતા તેની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સ ભાડાના જુદા જુદા મકાનો રાખી આવા ગુના આચરતો હોવાનું બહાર આવ્યુ છે. દારૂની હેરાફેરી કરવા ગાડીઓ લખાણ કર્યા વગર કે આરટીઓમાં નામે કરાવ્યા વગર વેચાણ કરનાર નવદીપ ઓટો કન્સ્ટલ્ટન્ટના માલિકનું નામ ખુલતા ચિલોડા પોલીસે માલિક નરેન્દ્ર ઈન્દ્રજીતસિંહ છાબડાની ધરપકડ કરી લીધી છે. પીઆઈ એલ.ડી. વાઘેલાની ટીમે તેની ધરપકડ કરી સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધો છે.

## માણસાના આનંદીમાના વડલે રાહતદરે નોટબુક-ચોપડાનું વિતરણ

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે શ્રી વિધ્નેશ્વરી પરીવાર ચેરીટેબલ ટ્રસ્ટના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે અખબારી યાદીમાં જણાવ્યું છે કે માણસા તેમજ આસપાસના ગામોમાં પ્રજાજનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાહત દરે નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવનાર છે. જે વાલીઓને પોતાના સંતાનો માટે નોટબુક-ચોપડાની જરૂરિયાત હોય તેઓ આનંદીમાંના વડલેથી એક ડઝનના રૂ. ૨૦૦ના ભાવથી નોટબુક-ચોપડા મેળવી શકશે. તેમણે જણાવ્યું હતું કે આ નોટબુક ચોપડા ૫૪ જીએસએમ કાગળના ૧૫૨ પાનાના મોટી સાઈઝના છે. જે બજાર કિંમત કરતા અડધાથી ઓછા ભાવે જરૂરિયાતમંદ વર્ગના વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવે છે. જેનો સંપર્ક નં. ૮૧૨૮૬૮૦૦૦૭ છે.

## આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૬

માંઈ મંડળના ભાવનાબેન વી. ગોકલાણીના સુર મધુર કંઠે આનંદનો ગરબો રમીલાબેન પી. વાઘેલા સેકટર-૩-સી પ્લોટ નં. ૫૭૩/૧, ગ-૨ સર્કલથી આગળ તા. ૨૭-૫-૨૦૧૮ને રવિવારના રોજ બપોરે ૩થી ૬ કલાક દરમિયાન રાખેલ છે. તો સર્વે ભાવિ ભકતોને આનંદના ગરબામાં પધારવા જણાવાયું છે.

## અવસાન નોંધ

ભાવનગર નિવાસી ગિરિશભાઈ પ્રવિણચંદ્ર જોષી (શ્રીધર પંચાગવાળા)નું હરિદ્વાર ખાતે અવસાન થયું હતું તે પ્રવિણરાય પ્રતાપરાય જોષીના બનેવી થાય છે. સદગતનું બેસણું સરકારી પ્રાથમિક શાળા સેકટર-૬ શોપીંગ સેન્ટર પાસે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન રખાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર ગજીબેન પોપટજી, ઉ.વ. ૫૮
- સ્વ. બાલાશંકર જેઠાલાલ પાઠક, ઉ.વ. ૮૮
- સ્વ. કંચનબા પ્રતાપજી વાઘેલા, ઉ.વ. ૭૬

# ટેકનોવા-૨૦૧૮માં નિફટના વિદ્યાર્થીઓનું ક્ષમતા પ્રદર્શન

**નિફટ ખાતે ટેક્ષટાઈલ, જ્વેલરી ડિઝાઈન અને કોમ્યુનિકેશન વિભાગના શો-કેસ યોજાયા : બાઈકર્સ માટે ઘોંઘાટ-ઈજા પ્રતિરોધક વસ્ત્રોથી માંડીને મોબાઈલ ફોન ચાર્જ કરી શકે તેવા સ્માર્ટ જેકેટસ રજૂ કરાયા**








ગાંધીનગરની ફેશન ટેકનોલોજી ખાતે પ્રતિષ્ઠિત સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી નિફટ ખાતે સ્નાતક અને અનુસ્નાતકના વિદ્યાર્થીઓ દ્વારા તેમના પ્રોજેકટસમાં તૈયાર કરાયેલ વસ્ત્રો, જવેલરી તેમજ કોમ્યુનિકેશન ટેકનોલોજી અંગેના પ્રદર્શનો યોજાયા હતા. 'ટેકનોવા-૨૦૧૮' પ્રદર્શન સાથે નિફટ ખાતે 'ટેકનોટૉક'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નિફટના ૨૪૩ વિદ્યાર્થીઓએ આ વર્ષે સ્નાતક તથા અનુસ્નાતકનો અભ્યાસક્રમ પુર્ણ કર્યો છે. જેમાં બેચલર ઓફ ફેશન ટેકનોલોજી અને માસ્ટર ઓફ ફેશન ટેકનોલોજીનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓમાંથી પસંદ કરાયેલા પ્રોજેકટસને 'ટેકનોવા-૨૦૧૮' શો-કેસમાં પ્રદર્શિત કરાયા હતા. ટેક્ષટાઈલ ક્ષેત્રે અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા પ્રોજેકટસમાં માતૃત્વ દરમિયાન મહિલાઓ માટેના વસ્ત્રો, ૬ થી ૧૨ વર્ષ દરમિયાન વધતા કદના બાળકો માટે હાઈટ એડજસ્ટેબલ વસ્ત્રો, બાઈકીંગનો શોખ ધરાવતા યુવાનો માટે ઘોંઘાટ પ્રતિરોધક અને અકસ્માત સમયે ઈજા સામે રક્ષણાત્મક ડેનિમ, ઔદ્યોગિક વેસ્ટમાંથી બનાવેલ પગરખાં, ઈલેકટ્રીસીટી-ઓઈલ-ગેસ ક્ષેત્રે કાર્યરત સર્વિસ કર્મચારીઓ માટે આગ-પાણી પ્રતિરોધક વસ્ત્રો તથા મોબાઈલ ફોન ચાર્જ કરી શકે તેમજ રેડીએશનથી બચાવે તેવા સ્માર્ટ જેકેટસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જવેલરી શો કેસમાં સ્નાતકના વિદ્યાર્થીઓ દ્વારા ભારતની વિવિધ બ્રાન્ડ કંપનીઓના સહયોગથી વિવિધ મટિરિટલ્સ આધારિત જવેલરી તૈયાર કરાઈ છે. જેમાં પરંપરાગત અને આદિવાસી સંસ્કૃતિથી માંડીને અલ્ટ્રા મોર્ડન ડિઝાઈન્સનો સમાવેશ થાય છે. કોમ્યુનિકેશન ક્ષેત્રે વિદ્યાર્થીઓ દ્વારા દેશભરની કોર્પોરેટ કંપનીઓ તેમજ ફેશન ડિઝાઈનર્સ સાથે મળીને આઈટી આધારિત વિવિધ પ્રોજેકટસ તયાર કર્યા હતા અને પ્રદર્શિત કરાયા હતા.

ગાંધીનગરનો યુવાન ધારક પંડિતે નિફટ ખાતે સ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે. તેણે પોતાના કોમ્યુનિકેશન વિભાગના પ્રોજેકટ માટે ભારતના જાણીતા ફેશન ડિઝાઈનર મનિષ અરોરા સાથે ૪ માસ કામ કર્યું હતું. આ દરમિયાન તેણે મનિષ અરોરાનું સોશ્યલ મિડીયા અને પીઆર વર્ક સંભાળ્યું હતું. ખાસ કરીને ધારકે મનિષ અરોરાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ માટે વિવિધ ટુડી અને થ્રીડી એનિમેશન્સ અને પ્રેઝન્ટેશન્સ તૈયાર કર્યા હતા.



મૂળ વડાદરોની આશ્કા ત્રિવેદીનો પરિવાર હાલ મિડલ ઈસ્ટમાં વસે છે અને તેણે ગાંધીનગરમાં રહીને નિફટ ખાતે સ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે. આશ્કાએ ભારતની પ્રતિષ્ઠિત જવેલરી બ્રાન્ડ તનિશ્ક ખાતે કાર્ય કરી જવેલરી ડિઝાઈન ક્ષેત્રે પોતાનો પ્રોજેકટ તૈયાર કર્યો હતો. આ પ્રોજેકટમાં તેણે હેરિટેજ વારસાને ધ્યાનમાં રાખીને ભારતીય આદિવાસી સંસ્કૃતિની વિવિધ પરંપરા આધારિત મોર્ડન જવેલરી ડિઝાઈન કરી છે જેને તનિશ્ક દ્વારા ટૂંક સમયમાં જ બજારમાં લોન્ચ કરાશે.



